# Fun with Family

Day-60 | 28 May, 2020




## "FWF Song"



સવાર થયું, હવે જાગો ઝટપટ,
નાહી-ધોઈ લો, સૌ ફટફટ;
બીજી... બધી... મૂકો ઝંઝટ,
Fun With Family ની માણો રમઝટ...

## ''પારિવારીક રસાકસી''



બાળમિત્રો, હવે દરેક સભ્યોએ
પોતાનો એક સ્પર્ધક બનાવવાનો છે.
અને તે બધા સ્પર્ધકો
વચ્ચે રેસ લગાવવાની છે.
ખૂબ ખૂબ મજા આવશે...
લીંક દબાવો અને સ્પર્ધક બનાવો...

https://bit.ly/2X5xFx7

## ''ખેંચા ખેંચી''



થઈ જાઓ તૈયાર રમત રમવા માટે...
જોઈએ કોણ સારી ખેંચા-ખેંચી કરી શકે છે...
લીંક દબાવો અને રમત શીખો...

https://bit.ly/2ZH6Roo

## "QUIZ TIME"



તમને નિત્યપૂજા સંબંધી
કેટલી માહિતી છે..?
તેની હવે તપાસ થશે...
લીંક દબાવો અને ક્વીઝમાં ભાગ લો...

https://bit.ly/3c1GRGR

## "વારતા રે વારતા"

અદ્‌ભુત... મજેદાર...
જોરદાર વાર્તા જોવા માટે
થઈ જાઓ તૈયાર...
લીંક દબાવો અને વાર્તા માણો...

https://bit.ly/3gu3hnC



## "અક્ષરપુરુષોત્તમના યોદ્ધા"

બાળમિત્રો, આજથી બરાબર એક વર્ષ પહેલા અખિલ ભારતીય બાળ અધિવેશન થયું હતું... યાદ છે...?? આજે તે બાળ અધિવેશનની સ્મૃતિ કરીએ...
લીંક દબાવો અને વિડીયો માણો...

https://bit.ly/2ZD8Jia

અક્ષર-પુરુષોત્તમના યોદ્ધા

અખિલ ભારતીય બાળ-બાલિકા અધિવેશન, સારંગપુર - ૨૦૧૯

## ''મેળવો રાજીપો''

આજે બાળ અધિવેશનને એક વર્ષ પૂરું થયું
એની સ્મૃતિ આપણે કરી.
ચાલો, આજે થોડો મુખપાઠ પણ કરી લઈએ.
લીંક દબાવો અને મુખપાઠ કરો...



https://bit.ly/2ZJCNbU

## "Hi, Friend"



આજે આપણી બાળસભામાં
આવતા કોઈ એક બાળમિત્ર
સાથે 'Video Calling' કરીશું...
તેના અભ્યાસ વિશે અને
તબિયત વિશે પૂછતાછ કરીશું.

## ''ફટાફટી''

ચાલો, હજુ એક રમત રમીએ
અને પરિવારના સભ્યોને
ધમાલ કરાવીએ...
લીંક દબાવો અને રમત શીખો...



https://bit.ly/3guBC5W

# “My Guru, My Life”

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે અખિલ ભારતીય બાળ અધિવેશન વખતે આપણા માટે એક પત્ર લખી આપ્યો હતો... ચાલો, આજે તે પત્રનું વાંચન કરીએ અને સ્મૃતિ કરીએ... લીંક દબાવો અને વાંચો...

https://bit.ly/2ZIfGi6




" Happy Family "
Lion Family

આપ સૌનો ખૂબ વિકાસ કરશે...

આપ સૌને ખૂબ પ્રગતિ કરાવશે...

તેનો લાભ લેવાનું

ચૂકતા નહીં

હો...





# Be the BEST

BAPS Presentation

# શક્તિનો ૧૦૦% ઉપયોગ

ગ્રીસ દેશના મહાન તત્ત્વજ્ઞાની સોક્રેટિસને તેમના મિત્રે તેમની ૧૦૦% **સફળતાનું રહસ્ય** પૂછ્યું. જવાબ માટે સોક્રેટિસે મિત્રને બીજા દિવસે સવારે ૬ વાગ્યે, ગામમાંથી પસાર થતી નદીને કાંઠે આવવા કહ્યું.

બીજા દિવસે બન્ને જણા તરતાં-તરતાં નદીની વચ્ચે આવી પહોંચ્યા. અચાનક સોક્રેટિસે મિત્રની ડોક પકડી, જોરથી તેનું માથું પાણીમાં ડુબાડ્યું. મિત્રે જેમ-તેમ સોક્રેટિસનો હાથ છોડાવ્યો, ત્યાં જ સોક્રેટિસે ફરી ગળચી પકડીને મિત્રને વધારે જોરથી ડુબાડ્યો! મિત્રે વધારે તાકાતનો ઉપયોગ કરી સોક્રેટિસનો હાથ છોડાવ્યો. સોક્રેટિસે નિર્દયી બનીને મિત્રને ત્રીજીવાર ડુબાડ્યો!

મિત્રને હવે મૃત્યુ નજર સામે દેખાયું. તેણે પૂરી તાકાતથી સોક્રેટિસનો હાથ છોડાવી ફંગોળી દીધો અને તરતાં-તરતાં એકલો કિનારે આવી પહોંચ્યો.


તેની પાછળ સોક્રેટિસ પણ આવ્યા અને કહ્યું, 'માફ કરજે મિત્ર, પણ આ તારા પ્રશ્નનો ઉત્તર હતો. તને કેવો અનુભવ થયો?' મિત્રે કચવાતા મને કહ્યું, '... પ્રથમ વાર અને બીજી વાર તો વાંધો નહીં, પણ ત્રીજી વાર ડુબાડ્યો ત્યારે મને મૃત્યુ નજીક દેખાયું. અને મેં જીવનમાં પ્રથમવાર મારામાં રહેલી શક્તિનો ૧૦૦% ઉપયોગ કર્યો.'

હસતાં-હસતાં સોક્રેટિસે સમજાવ્યું, 'બસ આ જ મારી સફળતાનું રહસ્ય છે. હું પ્રત્યેક બાબતમાં મારામાં રહેલી ૧૦૦% શક્તિનો ઉપયોગ કરું છું.'



**બાળમિત્રો ! તમારામાં રહેલી શક્તિનો ૧૦૦% ઉપયોગ કરો. સફળતા મળશે જ.**

# ‘‘મગજમારી’’





## પ્યાલો ખાલી કરો


કોઈપણ બે દીવાસળી ઉપાડી,
પ્યાલામાંની સળીને બહાર કાઢો.

## ત્રાજવું બેલેન્સ કરો

કોઈપણ પાંચ દીવાસળી ઉપાડી,
ત્રાજવું બેલેન્સ કરી બતાવો.




# ‘‘ભેજાફોડી’’




## ચોરસ ઘટાડો

**કોઈપણ ચાર દીવાસળી ઉપાડી, સાતમાંથી ચાર ચોરસ બનાવો.**







## દિશા બદલો

**કોઈપણ ત્રણ દીવાસળી ઉપાડી, માછલીને ડાબીમાંથી જમણી તરફની દિશામાં તરતી કરો.**



# Never Cross Lakshman's Line


To follow his father's command, Ram Bhagwan stayed with Sita and Lakshman in the forest for 14 years. There at a place called Panchvati, they lived happily in simple home they had made.






Once, Sitaji was picking flowers when she saw a nice golden deer. She decided then and there she needed to have it.

When she asked Ram Bhagwan to get it for her. He warned her that these forests were filled with evil shape-changing demons. But Sitaji insisted.





Ram Bhagwan ran after the deer. The deer led him deep into the forest. When Ram Bhagwan finally shot the deer with his arrow, the deer began to reveal its true demon self and yelled, "Lakshman...help me! Lakshman!"



Sitaji heard these cries in Panchvati and yelled at Lakshman to go and save Ram. Lakshman told her that she had no reason to worry. Ram Bhagwan was powerful. No harm could come to him. All of this was probably a trap.

Sitaji refused to believe Lakshman and said mean things to him. Sitaji was stubborn and so Lakshman left. But, before he left, he drew a magical line around the hut and asked Sitaji to stay by the hut and never cross the line.





Now Sitaji was alone. Seeing his chance, the demon Ravan came in the form of a bawa. He asked for alms from outside Lakshman's line and asked Sitaji to come to him to give him the food.

Sitaji ignored Lakshman's warning and stepped over his line to give the bawa some food. Instantly, Ravan showed his true form and kidnapped her. Sitaji cried miserably. She had to live for years in Lanka waiting to be saved – all because she didn't stay within the line Lakshman had drawn.



**We too should always live within the lines drawn by God for our protection.**

# “હસો અને હસાવો”



ભિખારી : શેઠ ! આંધળાને ૧૦ રૂપિયા આપોને !
શેઠ : પણ તારી એક આંખ તો સારી છે.
ભિખારી : ... તો પાંચ રૂપિયા આપો !

❖ ❖ ❖

એક કીડી લગ્નના ભોજન સમારંભમાં જવા તૈયાર થઈ. સામે હાથી મળ્યો.
કીડી : ચાલો હાથી ભાઈ..! જમવા આવવું છે ?
હાથીભાઈ : કેવી રીતે આવું ? મારી પાસે તો ભોજનપાસ પણ નથી.
કીડી : મારી પાસે છેને... મારી ડિશમાંથી આપણે બંને જમી લઈશું.





❖ ❖ ❖



હવાલદાર એક ચોરને પકડીને પોલીસ સ્ટેશન લઈ જઈ રહ્યો હતો. થોડે દૂર પહોંચતાં ચોરને તરસ લાગી.
ચોર : મને ખૂબ તરસ લાગી છે... પાણી પીવા જવા દો.
હવાલદાર : તારે પાણીનું બહાનું કાઢીને ભાગી જવું છે નહીં ? તું અહીં જ ઊભો રહે, હું તારા માટે પાણી લઈ આવું છું.

❖ ❖ ❖

શિક્ષક : બાળકો ! આજે તમારી શારીરિક તપાસ થવાની છે.
(મનિયાને ઊભો કરીને) : બોલ મનિયા ! તને નાક-કાનની કોઈ તકલીફ છે ?
મનિયો : હા.. સાહેબ ! જ્યારે-જ્યારે હું ઝભ્ભો કે સ્વેટર પહેરું છું, ત્યારે તે આડાં આવે છે !



❖ ❖ ❖



(પાળેલી બિલાડી મૃત્યુ પામતાં નોકર રામુ રડવા લાગ્યો.)
શેઠ : અલ્યા ! બિલાડી મરી ગઈ, તેમાં આટલું બધું શાનો રડે છે?!
રામુ : (મનમાં) હવે હું દૂધ પીધા પછી કોનું નામ દઈશ ?

















**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2XxZvRH





# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ